# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦-એ, ગાંધીનગર**

## જાહેરાત ક્રમાંકઃ ૩૨૬/૨૦૨૫૨૬, સિનિયર સબ–એડીટર અને માહિતી મદદનીશ, વર્ગ–૩ અંગેની વિગતવાર સૂચનાઓ

**(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

**1.** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા માહિતી અને પ્રસારણ વિભાગના નિયંત્રણ હેઠળના માહિતી નિયામકની કચેરી હસ્તકના **સિનિયર સબ–એડીટર,** વર્ગ–૩ સંવર્ગની **કુલ–૦૭** અને **માહિતી મદદનીશ**, વર્ગ–૩ સંવર્ગની **કુલ–૪૧** જગ્યાઓ એમ **કુલ–૪૮ જગ્યાઓ** સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી ojas વેબસાઇટ મારફત ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઇટ **પર તા.૨૮/૦૭/૨૦૨૫ (૧૪:૦૦ કલાક) થી તા.૧૧/૦૮/૨૦૨૫ (સમય રાત્રિના ૧૧:૫૯ કલાક સુધી)** દરમિયાન ઓન–લાઇન અરજી કરવાની રહેશે.

**2.** **અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. જેથી ઉમેદવાર દ્વારા અરજીપત્રક ભરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય કે જેના કારણે ઉમેદવારી રદ થવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય.**

**3.** આ જાહેરાત અન્વયેની સ્પર્ધાત્મક પરીક્ષા બે તબક્કામાં માહિતી અને પ્રસારણ વિભાગના તા.૨૭/૦૨/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક: GT-2020-5-INF-102019-932-B થી તથા તા.૦૪/૧૨/૨૦૨૪ ના સુધારા જાહેરનામા ક્રમાંક: GT-2024-13-MPT-10-2024-0285-B થી પ્રસિદ્ધ કરવામાં આવેલ Senior Sub-Editor, Class-III and Information Assistant, Class-III, Combined Competitive Examination Rules, 2020 અનુસાર લેવામાં આવશે.

**4.** ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in પર મૂકવામાં આવશે. તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચૂક જોતાં રહેવું.

**5.** ઓન–લાઇન અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, વય, જાતિ તેમજ અન્ય લાયકાતના બધાં જ અસલ પ્રમાણપત્રો પોતાની પાસે જ રાખવાનાં રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. આમ, પોતાનાં બધાં જ પ્રમાણપત્રો જેવાં કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કેટેગરી (SC/ST/SEBC/EWS), દિવ્યાંગ(લાગુ પડતું હોય તો), માજી સૈનિક

(લાગુ પડતું હોય તો) તેમજ અન્ય લાયકાતનાં અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન-લાઇન અરજીમાં પોતાનાં પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી 'રદ' થવાપાત્ર બને છે. આથી, ઓનલાઇન અરજીપત્રક ઉમેદવારે કાળજીપૂર્વક ભરવાનું રહે છે.

## 6. જગ્યાની વિગતો :-

**સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.**

| સંવર્ગનું નામ | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ.વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | શારીરિક અશક્ત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| સિનિયર સબ-એડીટર, વર્ગ-૩ | માહિતી નિયામકશ્રીની કચેરી | ૦૭ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| માહિતી મદદનીશ, વર્ગ-૩ | | ૪૧ | ૧૬ | ૦૪ | ૦૩ | ૦૪ | ૧૪ | ૦૫ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૨ | ૦૪ |
| કુલ જગ્યાઓ | | ૪૮ | ૨૦ | ૦૫ | ૦૩ | ૦૫ | ૧૫ | ૦૬ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૩ | ૦૪ |

6.1 આ જાહેરાતમાં દર્શાવેલી જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલી હોઈ, જગ્યાઓમાં વધઘટ થઈ શકશે.

6.2 અનામત જગ્યાઓ મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

6.3 સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨/૧૩ /ગ.૨ (ભાગ-૧) ની જોગવાઈઓ ધ્યાને લઈને, મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિનઅનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ)ના પુરુષ ઉમેદવારથી ભરવામાં આવશે.

6.4 જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ, ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી. આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી ઉમેદવારોએ મેળવેલા ગુણના મેરિટ્સને ધ્યાને લઈ કરવામાં આવે છે. તેથી, આવી જગ્યાઓ માટે પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

6.5.1 ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી શારિરીક રીતે વિકલાંગ ઉમેદવારો માટેની સંવર્ગવાર અનામત જગ્યાઓ કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની રહેશે.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | કુલ જગ્યાઓ | શારિરીક અશક્ત (દિવ્યાંગ) | A | B | C | D & E |
|---|---|---|---|---|---|---|---|
| ૩૨૬/૨૦૨૫૨૬ | (૧) સિનિયર સબ–એડીટર, વર્ગ–૩ | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | (૨) માહિતી મદદનીશ, વર્ગ–૩ | ૪૧ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૪૮ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ |

6.5.2 દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા હોય તે જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માટે તેમજ જો કોઈ જગ્યાઓ અનામત ના હોય ત્યારે અનામત સિવાયની જગ્યા પર દિવ્યાંગ ઉમેદવાર ઉમેદવારી નોંધાવવા માંગે ત્યારે નીચે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે:

| સંવર્ગનું નામ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | બધિર અને ઓછું સાંભળનાર | મગજના લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલા અને નબળા સ્નાયુ | સ્વલીનતા, બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી અને (A) થી (D) હેઠળની વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા |
|---|---|---|---|---|
| | A | B | C | D & E |
| સિનિયર સબ–એડિટર અને માહિતી મદદનીશ | LV (upto 70%) | HH (40-70%) | OA, OL, BA*, BL*, SD, SI, LC, Dw, AAV | ASD (M) |

**LV** (Low Vision)**, HH** (Hard of hearing), **OA** (One Arm), **BA*** (Both Arm), **BL*** (Both Leg), **OL** (One leg), **LC** (Leprocy Cured), **AAV** (Acid Attack Victim), **Dw** (Dwarfism), **SD** (Spinal Deformity), **SI** (Spinal Injury), **ASD(M)** (Autism Spectrum Disability(Mild))

**BA* અને BL* માટે ખાસ નોંધ:–**

BA* અને BL* પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક નીચે મુજબની શરતો અને જોગવાઈઓને આધીન રહેશે.

(૧) BA (બંને હાથ) અને BL (બંને પગ)ની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કોઈ કૃત્રિમ અવયવની મદદ સાથે કે વિના સામાન્ય વ્યક્તિની જેમ હલનચલન કરવા તેમજ ફરજ બજાવવા સક્ષમ હોવી જોશે.

(૨) આવા ઉમેદવાર લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થાય ત્યારબાદ જે–તે સંવર્ગની ફરજોનાં સંદર્ભમાં આવા ઉમેદવાર માટે મેડિકલ બોર્ડનો અભિપ્રાય સંબંધિત વહીવટી વિભાગ દ્વારા મેળવવામાં આવશે. આ અભિપ્રાયના આધારે ઉમેદવાર જે તે સંવર્ગમાં નિમણૂક માટે લાયક છે કે ગેરલાયક છે તે સંબંધિત વહીવટી વિભાગ/કચેરી દ્વારા નક્કી કરવામાં આવશે.

## 7. નાગરિકત્વ:–

| | |
|---|---|
| (1) The Candidate shall not be qualified for admission to the Examination unless he is,<br>(a) a citizen of India, or | (૧) ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે લાયક ગણાશે નહિ સિવાય કે તે,-<br>(ક) ભારતનો નાગરિક, અથવા |

| | |
|---|---|
| (b) a subject of Nepal, or<br><br>(c) a subject of Bhutan, or<br><br>(d) a person of Indian origin who has migrated from Pakistan, Myanmar, Sri Lanka, East African countries of Kenya, Uganda, the United Republic of Tanzania, Zambia, Malawi, Zaire, Ethiopia and Vietnam, with the intention of permanently settling in India:<br><br>Provided that the candidates belonging to categories (b), (c) or (d) shall furnish a certificate of eligibility issued by the Government.<br><br>(2) The candidate who is required to produce a certificate under sub-rule (1) may be allowed to appear in the Examination conducted by the Board and he may also be appointed provisionally subject to the production of eligibility certificate within time frame, as decided by the Government. | (ખ) નેપાળનો પ્રજાજન, અથવા<br>(ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા<br>(ઘ) પાકિસ્તાન, મ્યાનમાર, શ્રીલંકા, પૂર્વ આફ્રિકાના કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયાના સંયુક્ત પ્રજાસત્તાક રાજ્યો, ઝામ્બિયા, મલાવી, ઝૈર, ઈથોપિયા વગેરે દેશોમાંથી અને વિયેટનામમાંથી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સ્થળાંતર કર્યું હોય તેવી ભારતીય મૂળની વ્યક્તિ હોય:<br>પરંતુ ખંડો (ખ), (ગ) અથવા (ઘ)માંની કક્ષાના ઉમેદવારોએ, સરકારે કાઢી આપેલું યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવું જોઈશે.<br>(૨) પેટા નિયમ –૧ અંતર્ગત જે ઉમેદવારને યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવાનું થાય તેઓને બોર્ડ દ્વારા લેવામાં આવનાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે મંજૂરી મળી શકશે તેમજ સરકાર દ્વારા નિયત કરેલ સમયમર્યાદામાં યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવાની શરતે કામચલાઉ ધોરણે નિમણૂક આપી શકાશે.<br><br>**(નોંધ: આ ભાષાંતર ફક્ત સમજણ હેતુ છે. કાયદાકીય અર્થઘટન માટે મૂળ અંગ્રેજી નિયમ માન્ય અધિકૃત ગણવાના રહેશે.)** |

## 8. વયમર્યાદા:-

8.1 **તા.૧૧/૦૮/૨૦૨૫ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૭** વર્ષથી વધુ ન હોવી જોઈએ; ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

8.2 સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરુષ તથા મહિલા ઉમેદવારો, માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર **વયમર્યાદામાં છૂટછાટ** મળવાપાત્ર છે.

| કૅટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કૅટેગરીનાં મહિલા ઉમેદવારોને | **૫ વર્ષ** | (મહત્તમ ૪૨ વર્ષની મર્યાદામાં) |
| અનામત કૅટેગરીનાં પુરુષ ઉમેદવારોને | **૫ વર્ષ** | (મહત્તમ ૪૨ વર્ષની મર્યાદામાં) |
| અનામત કૅટેગરીનાં મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | **૧૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કૅટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં પુરુષ ઉમેદવારોને | **૧૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કૅટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | **૧૫ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કૅટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં પુરુષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | **૧૫ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| અનામત કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | **૨૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. | |

8.3 તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તા.૧૧/૦૮/૨૦૨૫ ના રોજ કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈશે નહીં.

## 9. પગારધોરણ:-

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧ અને છેલ્લે તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૪)/ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂક અપાશે. તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૧૨૯૧૧/ગ.૧ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવમાં દર્શાવેલી બોલીઓ અને શરતોને આધીન, નિમાયેલા ઉમેદવાર પાંચ વર્ષના અંતે ઉમેદવારની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગારધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબત નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલા SLP No.14124/2012 અને SLP No.14125/2012 ના ચુકાદાને આધીન રહેશે.

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ખાતાની વડાની કચેરીનું નામ | સંવર્ગનું નામ | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર | નિયમિત નિમણૂક બાદ મળવાપાત્ર પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૩૨૬/૨૦૨૫૨૬ | **માહિતી અને પ્રસારણ વિભાગ** | સિનિયર સબ-એડિટર, વર્ગ-૩ | ૪૯,૬૦૦/- | પે મેટ્રીક્ષ લેવલ-૭ ૪૯,૬૦૦ થી ૧,૨૦,૬૦૦ |
| | | માહિતી મદદનીશ, વર્ગ-૩ | ૪૦,૮૦૦/- | પે મેટ્રીક્ષ લેવલ-૫ ૨૯,૨૦૦ થી ૯૨,૩૦૦ |

## 10. શૈક્ષણિક લાયકાતની વિગતો:-

(b) possess, -

(i) minimum two years post-graduate degree or Masters Degree in Journalism and Mass Communication / Mass Communication and Journalism / Development Communication / Communication Studies / Journalism / Mass Communication obtained from any of the Universities or Institutions established or incorporated by or under the Central or a State Act in India: or any other educational Institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University

Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognised as such by the Government; **or**

(ii) a bachelor's degree in Journalism and Mass Communication / Communication and Journalism and Public Relation / Journalism as a principal subject obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational Institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognised as such by the Government; **or**

(iii) a post-graduate diploma in Journalism and Mass Communication / Journalism / Mass Communication obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational Institution recognised as such by the Government or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized as such by the Government; and

(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967; and

(d) possess adequate knowledge of Gujarati or Hindi or both.

માહિતી અને પ્રસારણ વિભાગના તા.૨૭/૦૨/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક : GT-2020-5-INF-102019-932-B થી તથા તા.૦૪/૧૨/૨૦૨૪ ના સુધારા જાહેરનામા ક્રમાંક : GT-2024-13-MPT-10-2024-0285-B થી પ્રસિદ્ધ કરવામાં આવેલ Senior Sub-Editor, Class-III and Information Assistant, Class-III, Combined Competitive Examination Rules, 2020 માં નીચે મુજબ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

13. Education Qualification: (1) The candidate possessing the requisite educational qualifications and other requirements for appointment under the relevant recruitment rules of the Scheduled posts shall be eligible for admission to the Examination:

Provided that the candidate who has appeared at a Post graduate degree or Master’s degree or a Bachelor’s degree or a post graduate diploma examination, the passing of which would render him educationally qualified for the Preliminary Examination, but have not been informed of the result as also the

candidate who intend to appear at such a qualifying examination shall also be eligible for admission to the Preliminary Examinatin; but a candidate shall fulfill the minimum age criteria on the last date of submitting application or on the date as may be specified by the Board in the advertisement.

(2) All candidates who are declared qualified by the Board for appearing in the Main Examination (Written) shall required to produce proof of passing Post graduate degree or Master's degree or a Bachelor's degree or a post graduate diploma examination, failing which such candidate shall not be admitted to the Main Examination:

Provided that the candidate in addition to the qualification specified in sub-rule (1), shall possess the requisite qualification as prescribed in the relevant rules of the Scheduled posts.

તે ધ્યાને લેતાં Post graduate degree or Master's degree or a Bachelor's degree or a post graduate diploma ની પરીક્ષા આપેલ હોય પરંતુ તે પરીક્ષાનું પરિણામ પ્રસિદ્ધ થયેલ નથી તેવા ઉમેદવારો ઉમેદવારી નોંધાવી શકશે. મંડળ દ્વારા નિયત કરવામાં આવે તે સમયે તેઓએ Post graduate degree or Master's degree or a Bachelor's degree or a post graduate diploma ની પરીક્ષા પાસ કરેલ હોવાના આધાર–પુરાવા રજુ કરવાના રહેશે.

**નોંધઃ–**

10.1 ઉપર દર્શાવેલ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલી શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ, આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઈઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ ઉક્ત જાહેરાત માટે અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

10.2 આ જાહેરાતની કોઈ પણ બાબતે અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

## 11. એકાધિક લગ્નના કારણે નિમણૂક માટેની ગેરલાયકાતઃ–

| | |
|---|---|
| (1) No person, who, -<br><br>(a)has entered into or contracted a marriage with a person having a spouse living; or<br><br>(b)having a spouse living, has entered into or contracted a marriage with any other person shall be eligible for appointment to the Scheduled posts:<br><br>Provided that subject to the provisions of any law for the time being in force, the State Government may, if satisfied that there are special grounds for doing so, exempt any | (૧) કોઈ વ્યક્તિ કે જે,<br>(ક) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી વ્યક્તિ સાથે જેણે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કરેલ હોય તેવી કોઈ વ્યક્તિ, અથવા<br>(ખ) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી કોઈ વ્યક્તિએ, અન્ય વ્યક્તિ સાથે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તેવી કોઈ વ્યક્તિ, અનુસૂચિત જગાઓ ઉપર નિમણૂકને પાત્ર થશે નહિ:<br>પરંતુ તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે તેમ કરવા માટેના ખાસ કારણો છે, તો તે, આ પેટા–નિયમના અમલમાંથી કોઈ વ્યક્તિને મુક્તિ આપી શકશે. |

| | |
|---|---|
| person from the operation of this sub-rule.<br><br>(2) The Candidate shall declare in the Application Form whether he or she, as the case may be, is married and, in the case of the male candidate whether he has more than one wives living; and in the case of a female candidate whether she has married to a man who has already another wife living. | (૨) ઉમેદવારે, તે અથવા યથાપ્રસંગ, તેણી, પરીણિત છે કે કેમ અને પુરુષ ઉમેદવારના કિસ્સામાં, તેને એક કરતાં વધુ હયાત પત્ની છે કે કેમ અને સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં જેને બીજી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે તેણીએ લગ્ન કરેલ છે કે કેમ તે અરજીપત્રમાં જાહેર કરવું પડશે.<br>**(નોંધ: આ ભાષાંતર ફક્ત સમજણ હેતુ છે. કાયદાકીય અર્થઘટન માટે મૂળ અંગ્રેજી નિયમ માન્ય અધિકૃત ગણવાના રહેશે.)** |

## 12. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો માટેના ઉમેદવારો માટેની સામાન્ય સૂચનાઓ:-

12.1 મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ અને અનામત વર્ગો તરીકેના લાભો મળવાપાત્ર થશે.

12.2 અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજી પત્રકમાં અચૂક દર્શાવવાની રહેશે.

12.3 અનામત વર્ગના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ કૅટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલું હોવું જોઇશે.

12.4 અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં કે અન્ય કોઈ છૂટછાટ મળશે નહિ.

12.5 ઉમેદવારે Online અરજીપત્રકમાં વિગતો ભરતી વખતે જાતિ (કૅટેગરી) અંગે જે વિગત દર્શાવેલી હશે તે અરજીપત્રક Confirm થયેથી જાતિ (કૅટેગરી)માં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં.

## 13. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો:–

13.1 સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩/ ૨૦૨૩–૨૪/૨૦૨૪–૨૫ ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી રાજય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ **તા.૦૧/૦૪/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૧૧/૦૮/૨૦૨૫** સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

13.2 સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/ ૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં ઉક્ત 13.1 માં દર્શાવેલ પરિશિષ્ટ–૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે **તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી કરવાની છેલ્લી તારીખ તા.૧૧/૦૮/૨૦૨૫** દરમ્યાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ Annexure-A મુજબના નમુનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

13.3 ઉક્ત 13.1 અથવા 13.2 મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

13.4 સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી "રદ" કરવામાં આવશે.

13.5 ઉમેદવારે ઉક્ત 13.1 અથવા 13.2 મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇશ્યૂ તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

## 14. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો:–

14.1 આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ ની જોગવાઈ થી નિયત થયેલ નમુના Annexure-KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ (ગુજરાતી)ના નમૂનામાં **તા.૧૨/૦૮/૨૦૨૨ થી તા.૧૧/૦૮/૨૦૨૫** સુધીમાં મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

14.2 ઉક્ત 14.1 માં જણાવેલ પ્રમાણપત્રના વિકલ્પે આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ ની આવકના આધારે **તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી કરવાની છેલ્લી તા.૧૧/૦૮/૨૦૨૫** સુધીમાં ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે Income and Asset Certificate મેળવેલું હોય તે પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

14.3 ઉક્ત 14.1 અથવા 14.2 માં જણાવેલ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના જે ઉમેદવારો આ બંને પ્રમાણપત્રો પૈકી કોઇ એક પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

14.4 ઉમેદવારે ઉક્ત 14.1 અથવા 14.2 મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને દર્શાવેલ વિગતો મુજબનું અસલ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

## 15. દિવ્યાંગ ઉમેદવારો:-

15.1 દિવ્યાંગ વર્ગના ઉમેદવારે બિનઅનામત જગ્યા માટે અરજી કરી હશે ત્યારે તેઓને બિનઅનામતનાં ધોરણો લાગુ પડશે.

15.2 જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલી ન હોય, પરંતુ, જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલા હોય, તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે દિવ્યાંગ ઉમેદવારને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલા સુપરિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં). દિવ્યાંગ ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Detailsમાં પોતાની દિવ્યાંગતાની ટકાવારી અને વિગત દર્શાવવાની રહેશે.

15.3 દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/ PHA/e-file/1/2023/8017/G2માં નિયત થયા મુજબ The Rights of Persons with Disabilities Act, 2016 અમલી થતા બદલાતા સંજોગોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના બદલે દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર / સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

## 16. માજી સૈનિક:-

16.1 માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કૅટેગરીમાં પસંદ થયેલા ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કૅટેગરી સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા બિનઅનામત, આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

16.2 માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌકાદળ/હવાઈદળ/ભૂમિદળની ઓછામાં ઓછા ૬ (છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો, સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંકઃ GS/2018/(2)/RES/ 1085/3433/G.2 જોગવાઈ મુજબ, ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજનો સમયગાળો ઉપરાંત, ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

16.3 સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: GAD/ERE/e-file/1/2023 /5258/G-2 થી ઠરાવ્યા મુજબ સીધી ભરતીની જાહેરાતમાં ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ ઉમેદવારી નોંધાવી શકશે.

## 17. વિધવા ઉમેદવારો:-

17.1 ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કૉલમ સામે 'હા' અવશ્ય લખવું, અન્યથા 'લાગુ પડતું નથી એમ દર્શાવવું.

17.2 સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે મુખ્ય પરીક્ષામાં બેસવા દેવા માટે તેઓને MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT) પરીક્ષામાં મેળવેલા કુલ ગુણ/ Normalized ગુણના મેરિટ્સના આધારે મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે, પરંતુ તેઓએ નિમણૂક સમયે પુનઃ લગ્ન કરેલાં ન હોવાં જોઈએ અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજૂ કરવાના રહેશે.

(નોંધઃ– ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ તબક્કે ઉમેદવાર પુનઃ લગ્ન કરેલાં ન હોવા અંગે તમામ પુરાવા અસલમાં રજૂ કરવા નિષ્ફળ રહેશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.)

17.3 કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે ‘વિધવા’ ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિદ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ‘વિધવા’ બને અને તે અંગે જરૂરી દસ્તાવેજ/પુરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને ‘વિધવા મહિલા ઉમેદવાર’ તરીકેના લાભ આપવામાં આવશે.

## 18. માન્ય રમત ગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાત:–

18.1 સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨ /ગ.૨ થી ઠરાવેલ જોગવાઈ અનુસાર ઍથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ, ટેનિસ, વેઇટલિફ્ટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલિંગ, જિમ્નેસ્ટિકસ, જૂડો, રાઇફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો–ખેલકૂદમાં (i) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (ii) આંતર યુનિવર્સિટી અથવા (iii) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલું હોય, તેવા ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં બેસવા માટે પાત્ર થવા માટે તેમને MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT) પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ પૈકીની કોઇ એક સ્પર્ધામાં ઉમેદવારોએ ભાગ લીધેલો હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલો હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી, તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઇ એક સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલા ઉમેદવારોએ સરકારના તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલું જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

18.2 ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઇ તબક્કે ઉમેદવાર માન્ય કક્ષાનું માન્ય રમતનું પ્રમાણપત્ર ન હોવાનું સ્થાપિત થશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.

18.3 સરકારશ્રી દ્વારા નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબતના વખતો–વખતના સુધારા ઠરાવોની જોગવાઈઓ લાગુ પડશે.

## 19. શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/ અન્ય લાયકાત માટે નિર્ધારિત તારીખ:–

શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઉન્નત વર્ગોમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર (નોન ક્રીમીલેયર સર્ટિફિકેટ), આર્થિક રીતે નબળાવર્ગનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર અને અન્ય જરૂરી લાયકાત માટે **તા.૧૧/૦૮/૨૦૨૫ ની** સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## 20. કોમ્પ્યુટરની જાણકારી:–

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યૂટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું, કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યૂટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા / ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલા હોય તેવાં પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યૂટર એક વિષય તરીકે હોય તેવાં પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અથવા ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યૂટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવાં પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. જો કે, આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યૂટરની બેઝિક નૉલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

## 21. અરજી કરવાની રીત:–

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો **તા.૨૮/૦૭/૨૦૨૫ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૧૧/૦૮/૨૦૨૫ (સમય ૨૩:૫૯ કલાક સુધી)** દરમ્યાન "https:// ojas.gujarat.gov.in" વેબસાઇટ પર ઓન–લાઈન અરજીપત્રક ભરી શકશે. એક જ જાહેરાત અન્વયે એક કરતાં વધુ અરજી કરનાર ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. અરજી કરવા બાબતની વિગતવાર સૂચનાઓ નીચે મુજબ છે.

**ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે :–**

21.1 સૌપ્રથમ "https://ojas.gujarat.gov.in" વેબસાઇટ પર જવું.

21.2 ત્યારબાદ "On line Application" માં Apply પર Click કરવું અને GSSSB સિલેક્ટ કરવું.

21.3 ઉમેદવારે જાહેરાત **ક્રમાંક: ૩૨૬/૨૦૨૫૨૬, સિનિયર સબ–એડીટર અને માહિતી મદદનીશ, વર્ગ–૩** સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માટે જાહેરાતના સંવર્ગના નામ પર Click કરી Apply પર ક્લિક કરવું. ત્યાર બાદ સ્ક્રીન પર More Details અને Apply now ના ઓપ્શન ખૂલશે. જેમાં More Details પર Click કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

21.4 જયારે "Apply now" પર Click કરવાથી નવી વિન્ડો ખૂલશે. જેમાં "Skip" પર ક્લિક કરવાથી Application Format ખૂલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (જ્યાં લાલ ફુદડી (*) ની નિશાની હોય ત્યાં માગ્યા મુજબની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

21.5 Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવાની રહેશે.

21.6 ત્યાર બાદ “Assurance” (બાંહેધરી) માં દર્શાવેલ શરતો સ્વીકારવા માટે "Yes" Select કરી "save" પર Click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

21.7 હવે "save" પર Click કરવાથી "Application Number" generate થયેલ હશે જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

21.8 હવે Upload Photograph પર Click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી computer માં સેવ કરેલા હોવા જોઈશે.) photo અને signature અપલોડ કરવા માટે "browse" button પર Click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને Click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. જે photo અને signature અપલોડ કરવામાં આવ્યા હશે તે જ photo લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ signature કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. **(અરજીમાં પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખથી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.)** આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો ફાળવણી/નિમણૂકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

21.9 હવે પેજના ઉપરના ભાગમાં Online Application ટેબમાં "Confirm Application" પર Click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર Click કરવાથી ઉમેદવારની Basic Details અને confirm application દેખાશે. **ઉમેદવારને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો edit કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહીં. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઈ શકશે નહીં.** અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કૅટેગરી), જેન્ડર (મેલ/ ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટ્સ, દિવ્યાંગતા, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઈને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી ‘રદ’ કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને

તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. confirm application પર click કરતાં અહીં "confirmation number" generate થશે. આ "confirmation number" હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

21.10 હવે print application પર Click કરવું. અહીં Select Job માંથી જાહેરાત ક્રમાંક સિલેક્ટ કરીને તમારો confirmation number ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઈપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ ફરજિયાતપણે કાઢીને સાચવી રાખવી. **નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી Online Application Form ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર Application Form ડાઉનલોડ કરી શકશે નહીં.**

21.11 ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઈ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

## 22. પરીક્ષા ફી :–

22.1 માહિતી અને પ્રસારણ વિભાગના તા.૨૭/૦૨/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક: GT-2020-5-INF-102019-932-B થી તથા તા.૦૪/૧૨/૨૦૨૪ ના સુધારા જાહેરનામા ક્રમાંક: GT-2024-13-MPT-10-2024-0285-B થી પ્રસિદ્ધ કરવામાં આવેલ Senior Sub-Editor, Class-III and Information Assistant, Class-III, Combined Competitive Examination Rules, 2020 માં દર્શાવેલ નિયમ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૧/૨૦૨૪ ના પત્રમાં થયેલી જોગવાઈ અન્વયે સદરહુ સંવર્ગની પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

વધુમાં આ સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર **એકવાર ફી ભર્યા પછી ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.**

| ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ | | |
|---|---|---|
| | બિનઅનામત વર્ગ | અનામત વર્ગ (તમામ કૅટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો) |
| પ્રાથમિક પરીક્ષા* | રૂ. ૫૦૦/– | રૂ. ૪૦૦/– |
| *The fees once paid will not be refunded.<br>એકવાર ફી ભર્યા પછી ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં. | | |

*માહિતી અને પ્રસારણ વિભાગના તા.૨૭/૦૨/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક : GT-2020-5-INF-102019-932-B થી તથા તા.૦૪/૧૨/૨૦૨૪ ના સુધારા જાહેરનામા ક્રમાંક : GT-2024-13-MPT-10-2024-0285-B થી પ્રસિદ્ધ કરવામાં આવેલ Senior Sub-Editor, Class-III and Information Assistant, Class-III, Combined Competitive Examination Rules, 2020 માં દર્શાવેલ નિયમ અનુસાર ફી પરત કરવામાં આવશે નહીં.

22.2 તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ઓનલાઇન માધ્યમથી જ ભરવાની થાય છે. ઉમેદવારોએ OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમિટ કરી confirmation number મેળવ્યા બાદ, પરીક્ષા **ફી છેલ્લી તા.૧૪/૦૮/૨૦૨૫ (૨૩.૫૯ કલાક)** સુધીમાં ફરજિયાત ઓન–લાઈન ભરવાની રહેશે. ઓન–લાઈન માધ્યમથી ફી ભરવા માટે OJAS વેબસાઇટ પર Online Application ટેબમાં Print Application Form / Pay Fees પર Click કરવાથી Online Payment માટેના Options દેખાશે. જેમાં Online Payment of Fees પર Click કરવું. જેમાં ડેબિટ કાર્ડ (Debit Card), ઈન્ટરનેટ બેંકિંગ (Internet Banking), UPI અથવા વૉલેટ (Wallets) દ્વારા ભરવાની રહેશે. આ ચાર માધ્યમ પૈકીના કોઇ પણ એક માધ્યમ દ્વારા ફી ભર્યા બાદ રસીદ જનરેટ થશે, જેની પ્રિન્ટ મેળવી લેવાની સુચના મળશે. Online Application ટેબમાં Print Application Form / Pay Fees પર Click કર્યા બાદ Online Payment Receipt પર ક્લીક કરવાથી પણ રસીદની પ્રિન્ટ મેળવી શકાશે. ઓનલાઇન માધ્યમથી ફી ભરનાર ઉમેદવારે પરીક્ષા ફી ઉપરાંત નિયમોનુસાર ટ્રાન્ઝેક્શન ફી ભરવાની રહેશે**. પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ બાદ ફી ભરવા માટેની લિન્ક આપોઆપ બંધ થઈ જશે. ત્યારબાદ મંડળ દ્વારા કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇ પણ રીતે (લેઇટ ફી લઈને પણ) પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.**

**નોંધ: ઉમેદવારોએ ફી રસીદની પ્રિન્ટ અથવા ઇ–રસીદ ફરજિયાતપણે મેળવી લઈ સાચવવાની રહેશે. જો ફી રસીદ જનરેટ ન થાય તો અરજી માટેની ફી ભરાયેલ ગણાશે નહિ અને જ્યાં સુધી ફી ભરાયેલ નહિ હોય ત્યાં સુધી ઉમેદવારની અરજી માન્ય ગણાશે નહિ.**

22.3 **પરીક્ષા માટેની ફી ઓનલાઇન માધ્યમ સિવાયના અન્ય કોઇ પણ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહીં, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**

22.4 આ સંવર્ગના ભરતી નિયમો અન્વયેના પરીક્ષા નિયમો અનુસાર આ જાહેરાત અન્વયે ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.

22.5 પરીક્ષા ફી નહીં ભરતા ઉમેદવારની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારનું અરજીફોર્મ કોઇ પણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા 'રદ' કરવામાં આવશે.

22.6 મંડળ દ્વારા કોઈ કારણોસર અરજી રદ થયાના કિસ્સામાં પણ ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ પરીક્ષા ફી પરત મળવા પાત્ર (રિફંડ) રહેશે નહીં.

22.7 **આ સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઓનલાઇન અરજી ભરવા તેમજ ફી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબર: ૦૭૯–૨૩૨૫૮૯૧૬ પર સંપર્ક કરી શકાશે.**

## 23. પરીક્ષા પદ્ધતિ:–

માહિતી અને પ્રસારણ વિભાગના તા.૨૭/૦૨/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક : GT-2020-5-INF-102019-932-B થી તથા તા.૦૪/૧૨/૨૦૨૪ ના સુધારા જાહેરનામા ક્રમાંક : GT-2024-13-MPT-10-2024-0285-B થી પ્રસિદ્ધ કરવામાં આવેલ Senior Sub-Editor, Class-III and Information Assistant, Class-III, Combined Competitive Examination Rules, 2020 માં દર્શાવેલ નિયમો અને મંડળની કાર્યપદ્ધતિ અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

## <u>તબક્કો – ૧ : પ્રાથમિક પરીક્ષા (MCQ-CBRT પધ્ધતિથી)</u>

- અરજી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રાથમિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા અન્વયે MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT) પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૧૦૦ મિનિટનો રહેશે.
- પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૧/૪ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય મળવાપાત્ર રહેશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.

- **<u>પ્રાથમિક પરીક્ષા માટેનો અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.</u>**

<table>
<tr><th>Part</th><th>Subject</th><th>No. of Questions</th><th>Marks</th><th>Duration</th></tr>
<tr><td>Part-A</td><td>• General Studies<br>• History<br>• Constitution of India<br>• Current Affairs<br>• Geography and Culture of Gujarat</td><td>30</td><td>30</td><td rowspan="5">100 Minutes</td></tr>
<tr><td>Part-B</td><td>• Quantitative Skill Test (Only Arithmetic)<br>• Test of Reasoning</td><td>15</td><td>15</td></tr>
<tr><td>Part-C</td><td>• Science and Technology</td><td>15</td><td>15</td></tr>
<tr><td>Part-D</td><td>• Public Administration<br>• Government Business and Professional Ethics</td><td>15</td><td>15</td></tr>
<tr><td>Part-E</td><td>• Journalism</td><td>25</td><td>25</td></tr>
<tr><td colspan="2" align="right">Total</td><td>100</td><td>100</td><td></td></tr>
</table>

- Part-A, Part-B અને Part-C ના પ્રશ્નોનું ધોરણ અને અભ્યાસક્રમનું વિષયવસ્તુ GHSEB ના ધોરણ–૧૨ સમકક્ષ રહેશે.
- Part-D અને Part-E ના પ્રશ્નોનું ધોરણ અને અભ્યાસક્રમનું વિષયવસ્તુ સ્નાતક સમકક્ષ રહેશે.
- પ્રાથમિક પરીક્ષાનું લઘુત્તમ લાયકી ધોરણ કુલ ગુણના ૪૦% રહેશે.
- પરીક્ષા પૂર્ણ થયેથી મંડળ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ આન્સર કી સંબંધે ઉમેદવાર દ્વારા મળેલ વાંધાસૂચનો ધ્યાને લઈ ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.
- ફાઇનલ આન્સર કી માં કોઇ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (**Pro-Rata**) મુજબ ગણતરી કરવામાં આવશે.

- ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો–રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે, ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલ હોય તેના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

**પ્રાથમિક પરીક્ષાનું પરિણામ અને મુખ્ય પરીક્ષા માટેની અરજી :**

માહિતી અને પ્રસારણ વિભાગના તા.૨૭/૦૨/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક : GT-2020-5-INF-102019-932-B થી તથા તા.૦૪/૧૨/૨૦૨૪ ના સુધારા જાહેરનામા ક્રમાંક : GT-2024-13-MPT-10-2024-0285-B થી પ્રસિદ્ધ કરવામાં આવેલ Senior Sub-Editor, Class-III and Information Assistant, Class-III, Combined Competitive Examination Rules, 2020 માં દર્શાવેલ નિયમો અને મંડળની કાર્યપદ્ધતિ અનુસાર પ્રાથમિક પરીક્ષાનું પરિણામ અને મુખ્ય પરીક્ષા માટે નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

- પ્રાથમિક પરીક્ષાને અંતે પરીક્ષામાં હાજર રહેલ તમામ ઉમેદવારોના ગુણની પ્રસિદ્ધિ કરવામાં આવશે અને ગુણવત્તાક્રમના આધારે ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના પંદર ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- જે ઉમેદવારોને પ્રાથમિક કસોટી (Preliminary Test) ના પરિણામમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેઓએ મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી બીજું અરજીપત્રક "https://ojas.gujarat.gov.in" ની વેબસાઈટ ઉપર ઓનલાઈન ભરવાનું રહેશે. તે સમયે જરૂરી પ્રમાણપત્રો Scan કરીને ઉમેદવારે મંડળની વેબસાઈટ https://iass.gujarat.gov.in ઉપર અપલોડ કરવાના રહેશે.
- ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની ભરતી નિયમો, પરીક્ષા નિયમો અને જાહેરાતની જોગવાઈઓ તથા લાગુ પડતા અન્ય હુકમો મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં આવી ચકાસણી જો મુખ્ય લેખિત પરીક્ષા બાદ કરવામાં આવે તો તેવી ચકાસણી અનુસાર જરૂરી જોગવાઈ ન સંતોષતા ઉમેદવારોની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ્દ કરવામાં આવશે. તેની ઉમેદવારોએ અચૂક નોંધ લેવી.
- લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.
- મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે મંડળનો નિર્ણય આખરી ગણાશે અને આ નિર્ણય સામે કોઈપણ પત્ર વ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહીં.

**તબક્કો – ૨ : મુખ્ય પરીક્ષા (વર્ણનાત્મક પરીક્ષા)**

**મુખ્ય પરીક્ષામાં નીચે મુજબના પ્રશ્નપત્રો રહેશે.**

| Paper No. | Subjects | Marks | Duration |
|---|---|---|---|
| 1 | Gujarati Language | 100 | 180 Minutes |
| 2 | English Language | 100 | 180 Minutes |
| 3 | Journalism | 200 | 180 Minutes |
| | **Total Marks** | 400 | -- |

- મુખ્ય પરીક્ષાના તમામ પ્રશ્નપત્રો વર્ણનાત્મક પ્રકારના રહેશે.
- પ્રશ્નપત્ર–૧ અને ૩ ની ભાષાનું માધ્યમ ગુજરાતી રહેશે.
- પ્રશ્નપત્ર–૨ ની ભાષાનું માધ્યમ અંગ્રેજી રહેશે.
- પ્રશ્નપત્ર–૧ એટલે કે ગુજરાતી ભાષા ના પ્રશ્નોનું ધોરણ **GHSEB** ના ધોરણ–૧૨ ના ગુજરાતી વિષય (ઉચ્ચ શ્રેણી) સમકક્ષ રહેશે.
- પ્રશ્નપત્ર–૨ એટલે કે અંગ્રેજી ભાષા ના પ્રશ્નોનું ધોરણ **GHSEB** ના ધોરણ–૧૨ ના અંગ્રેજી વિષય (ઉચ્ચ શ્રેણી) સમકક્ષ રહેશે.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક પ્રશ્નપત્ર માટે પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય મળવાપાત્ર રહેશે.

**પ્રશ્નપત્ર–૧ , ૨ અને ૩ નો વિગતવાર અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.**

## Paper 1 Gujarati Language (Descriptive)

**ગુણ–૧૦૦** **માધ્યમ ગુજરાતી** **સમય ૩ : ૦૦ કલાક**

| ક્રમ | અભ્યાસક્રમ વિગત | ગુણ |
|---|---|---|
| ૧ | નિબંધ : ત્રણ પૈકી કોઇપણ એક (આશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોમા) (વર્ણનાત્મક/વિશ્લેષણાત્મક/ચિંતનાત્મક/સાંપ્રત સમસ્યા પર આધારિત) | ૧૫ |
| ૨ | વિચારવિસ્તાર (બે પૈકી કોઈ પણ એક) કાવ્ય પંક્તિઓ કે ગદ્યસૂક્તિનો વિચારવિસ્તાર (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૩ | સંક્ષેપીકરણ : આપેલા ગદ્યખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ | ૧૦ |
| ૪ | ગદ્યસમીક્ષા: આપેલા ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો | ૧૦ |
| ૫ | પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયાર કરવા (આશરે ૧૫૦ શબ્દોમાં) | ૧૦ |
| ૬ | પત્રલેખન (અભિનંદન/શુભેચ્છા/વિનંતી/ફરિયાદ વગેરે)<br>(આશરે ૧૦૦ શબ્દોમાં) | ૦૫ |
| ૭ | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/સાંપ્રત સમસ્યાઓ/વ્યક્તિગત અભિપ્રાય રજુ કરતુ ચર્ચાપત્ર) | ૧૦ |
| ૮ | અહેવાલલેખન (આશરે ૨૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૯ | ભાષાંતર : અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ | ૧૦ |
| ૧૦ | ગુજરાતી વ્યાકરણ<br>સૂચવ્યા મુજબ જવાબ લખો. (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહી)<br>૧) રૂઢિપ્રયોગોના અર્થ અને તેનો વાક્યપ્રયોગ<br>૨) કહેવતોનો અર્થ<br>૩) સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ<br>૪) છંદ ઓળખાવો<br>૫) અલંકાર ઓળખાવો<br>૬) શબ્દસમૂહ માટે એક શબ્દ<br>૭) જોડણી શુધ્ધિ<br>૮) લેખન શુધ્ધિ/ ભાષા શુધ્ધિ<br>૯) સંધિ – જોડો કે છોડો<br>૧૦) વાક્ય રચનાના અંગો/વાક્યના પ્રકાર/વાક્ય પરિવર્તન | ૧૦ |
| | **કુલ** | **૧૦૦** |

# Paper 2 English Language (Descriptive)

ગુણ–૧૦૦ Medium: English સમય ૩ : ૦૦ કલાક

| No. | Type of Question | Marks |
|---|---|---|
| 1 | ESSAY (A minimum of 250 words and a maximum of 300 words): Choose any one topic from a list of five.<br>(Descriptive analytical/philosophical/ based on Current Affairs) | 15 |
| 2 | LETTER WRITING (in about 150 words):<br>A formal letter expressing one's opinion about an issue.<br>The issues can deal with dally office matters problem that has occurred in the office/ an opinion in response to one sought by a ranked officer/issues pertaining to recent concern, etc. | 10 |
| 3 | REPORT WRITING (in about 200 words):<br>A report on an official function/event/field trip/survey etc. | 10 |
| 4 | WRITING ON VISUAL INFORMATION (in about 150 words): A report on a graph/image/flow chart/table of comparison/simple statistical data etc.. | 10 |
| 5 | FORMAL SPEECH (in about 150 words):<br>A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/conference, a formal ceremony of importance etc. | 5 |
| 6 | PRECIS WRITING<br>A precis in about 100 words for a 300-word passage. | 20 |
| 7 | READING COMPREHENSION: A-reading passage of about 250 words to be given followed by short-answer type questions. | 10 |
| 8 | ENGLISH GRAMMAR:<br>a. Tenses<br>b. Voice<br>e. Narration (Direct-Indirect)<br>d. Transformation of sentences<br>e. Use of Articles and Determiners<br>f. Use of Prepositions<br>g. Use of Phrasal verbs<br>h. Use of idiomatic expressions<br>i. Administrative Glossary<br>j. Synonyms/Antonyms.<br>k. One-word substitution<br>l. Cohesive devices/Connectives/Linkers<br>m. Affixes<br>n. Words that cause confusion like homonyms/ homophones. | 10 |
| 9 | TRANSLATION:<br>Translation of a Short Passage (of about 150 words) from Gujarati or English | 10 |
| | **TOTAL** | **100** |

# Paper 3 Journalism (Descriptive)

ગુણ–૧૦૦ માધ્યમ ગુજરાતી સમય ૩ : ૦૦ કલાક

| ક્રમ | વિગતો | ગુણ |
|---|---|---|
| 1 | સમાચારનું લખાણ (News writing) | **40** |
| 1.1 | પ્રેસનોટનું લખાણ (Press note writing) | |
| 1.2 | પ્રસંગો આધારિત લેખોનું લખાણ (Event based article writing) | |

| | | |
|---|---|---|
| 1.3 | ફોટો કેપ્શન અને ફોટો સ્ટોરીનું લખાણ (Photo Caption and photo story writing and Interview Based Story) | |
| 1.4 | અહેવાલ લેખન તથા મુલાકાત આધારિત અહેવાલ લેખન (Report writing) | |
| 1.5 | ટીવી સ્ટોરી અને ન્યૂ મિડિયાનું લખાણ (TV and New Media Story writing) | |
| 2 | પત્રકારત્વના કાનૂની પાસા અને સિદ્ધાંતો (Legal aspects and Ethics of the Journalism) | **30** |
| 2.1 | નોંધણી અને એકરારનામું (Registration and Declaration) | |
| 2.2 | નીચેની સંસ્થાઓના મૂળભૂત કાર્યો(Fundamental function of following institutes) | |
| 2.2.1 | રજિસ્ટ્રાર ઓફ ન્યૂઝ પેપર ફોર ઈન્ડિયા (Registrar of newspaper for India) | |
| 2.2.2 | ડાયરેક્ટૉરેટ ઓફ એડવર્ટાઈઝીંગ અને વિઝ્યુઅલ પબ્લિસિટી (Directorate of Advertising and Visual Publicity) | |
| 2.2.3 | પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (Press Council of India) | |
| 2.2.4 | પ્રસાર ભારતી (Prasar Bharati) | |
| 2.2.5 | પ્રેસ રજિસ્ટ્રેશન અને બુક્સ એક્ટ–૧૮૬૭ (Press Registration and Book Act. 1867) | |
| 3 | પ્રકાશનો દ્વારા પ્રત્યાયન (Communication Through Publications) | **20** |
| 3.1 | પુસ્તકો (Books) | |
| | પેમ્ફલેટ્સ (Pamphlets) | |
| | ફોલ્ડર્સ (Folders) | |
| 4 | પરંપરાગત માધ્યમ (Traditional Media) | **20** |
| 4.1 | ભવાઈ, ડાયરો, વગેરે (Bhavai, Dayaro, etc.) | |
| 4.2 | પ્રચાર માટે પરંપરાગત માધ્યમની ભૂમિકા (Role of Traditional Media in Publicity) | |
| 5 | વૈકલ્પિક માધ્યમો (Alternative Media) | **20** |
| 5.1 | ટોપી, થેલી ઈત્યાદી (Cap, Bags, etc.) | |
| 6 | સોશ્યિલ મીડિયા અને વેબ મીડિયા (Social Media and Web Media) | **20** |
| 6.1 | ઈ–મેઈલનું પાયાનું જ્ઞાન અને ઉપયોગ (Basic knowledge and use of e-mail) | |
| | સ્માર્ટ ફોન આધારિત એપ્લિકેશન્સ (Smart Phone based Applications) | |
| | વેબ મીડિયા (Web Media) | |
| 7 | Public (Government) Policy Communication | **50** |
| 8 | Government Public Relation (Internal and External) | |
| 9 | Event Management | |
| 10 | Media Packaging | |
| 11 | Media Conversion | |
| 12 | Development communication | |
| 13 | Social Media Marketing | |
| 14 | સ્થાનિક જનસંપર્ક (Local Public Relation) | |
| 15 | સ્ટોરીના વિષયો કેવી રીતે શોધશો? (How will you find subject of story) | |
| 16 | માહિતીની ખરાઈ (Credibility of Information) | |
| | કુલ ગુણ (Total Marks) | 200 |

## 24. પરીક્ષાનું આયોજન:-

24.1 પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈને મંડળ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારે પરીક્ષા આપવાની રહેશે.

24.2 પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી તથા પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચના મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in** પર મૂકવામાં આવશે.

24.3 ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

## 25. દિવ્યાંગ ઉમેદવારોને લહિયા(Scribe)/વળતર સમય (Compensatory Time) ની સુવિધા આપવા બાબત:-

ભારત સરકારના **Ministry of Social Justice & Empowerment** ના **Department of Empowerment of persons with Disabilities(Divyangjan)** ના તા.૨૯/૦૮/૨૦૧૮ ના **Office Memorandum ક્રમાંક : F.No.34-02/2015-DD-III** મુજબ **The Rights of Persons with Disabilities Act, 2016** ની કલમ-૨(r) હેઠળ વ્યાખ્યાયિત કરાયેલ **Persons with Benchmark Disability** અને લેખન ક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને જો તેઓ ઈચ્છતા હોય તો, જે તે શરતોને આધીન લહિયા/વળતર સમયની સુવિધા આપવામાં આવશે.

25.1 જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા **Benchmark Disability** ધરાવતા અથવા આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા લખવા માટે અક્ષમ/લખવામાં તકલીફ હોય તેવા દિવ્યાંગ ઉમેદવારોને તેઓની રજુઆત પરત્વે લહિયા/વળતર સમયની સુવિધા આપવામાં આવશે.

25.2 દિવ્યાંગ ઉમેદવારોએ લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માટે મંડળ દ્વારા પ્રસિદ્ધ થયેલ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચના પ્રસિદ્ધ થયેથી પ્રવેશપત્ર ડાઉનલોડ કરી મંડળની વેબસાઈટ ઉપર **ઉમેદવાર ઉપયોગિતાઓ** ટેબ ઉપર **Click** કરી **દિવ્યાંગ ઉમેદવારો માટે** ના સેકશનમાં જઈ અથવા https://gsssb.gujarat.gov.in/Home/ph ઉપર **Click** કરી **લહિયા/વળતર સમયની સુવિધા આપવા અંગેની સૂચનાઓ તથા નિયત નમુનાઓ** માં આપવામાં આવેલ લહિયા/વળતર સમયની સુવિધા માટેનું ફોર્મમાં જરૂરી વિગતો ભરી સૂચનામાં દર્શાવ્યા મુજબના જરૂરી પ્રમાણપત્રો સામેલ રાખી **અચૂકપણે પરીક્ષાના બે દિવસ અગાઉ સુધીમાં** મંડળના ઈમેઈલ : **so-kh1-gsssb@gujarat.gov.in** ઉપર મેઈલ કરવાના રહેશે. ત્યારબાદ મળેલ અરજીઓ પર કોઈપણ સંજોગોમાં વિચારણા કરવામાં આવશે નહીં.

25.3 સંબંધિત જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા **Blindness, Locomotor disability** (**Both arm affected-BA**) **Benchmark disability** (૪૦% થી ઓછી ન હોય ત્યાં સુધીની દિવ્યાંગતા) ધરાવતા, લખવા માટે અસમર્થ હોય તેવા ઉમેદવારોએ દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે પરંતુ લખવા માટે અસમર્થ હોવા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે નહીં.

25.4 ઉપરોક્ત 24.3 માં દર્શાવેલ **Benchmark disability** સિવાયની અન્ય **Benchmark disability** ધરાવતા/ આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા લખવા માટે અક્ષમ/લખવામાં તકલીફ હોય તેવા ઉમેદવારોએ લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માટે દિવ્યાંગતા પ્રમાણપત્ર ઉપરાંત **Appendix-I** (**Certificate regarding physical limitation in an**

**examinee to write**) મુજબનું ઉમેદવારને લખવામાં તકલીફ હોવા અંગેનું મુખ્ય તબીબી અધિકારી/સિવિલ સર્જન/મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા આપવામાં આવતું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

25.5 **વળતર સમય (Compensatory Time):** ઉપરોક્ત 23.1 માં વ્યાખ્યાયિત કર્યા મુજબના બેન્ચમાર્ક ડીસએબીલીટી ધરાવતા અને લેખનક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને પરીક્ષામાં પ્રતિ કલાક માટે ૨૦ મીનીટ 'વળતર સમય' મળવાપાત્ર છે.

25.6 ઉમેદવાર દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા માટે કરવામાં આવેલ અરજીની ચકાસણી બાદ મંડળ દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા આપવા અંગે નિર્ણય કરવામાં આવશે. મંડળ દ્વારા કરવામાં આવેલ નિર્ણયની જાણ ઉમેદવારને તેઓના ઈમેઈલ ઉપર કરવામાં આવશે તથા જે તે પરીક્ષા કેન્દ્ર સંચાલકને પણ જાણ કરવામાં આવશે.

25.7 ઉમેદવારે સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે જરૂરી પ્રમાણપત્રો અસલમાં તથા મંડળ દ્વારા આપવામાં આવેલ મંજૂરીનો પત્ર ખરાઈ અર્થે પરીક્ષા કેન્દ્ર સંચાલક અથવા મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી/કર્મચારીને રજૂ કરવાના રહેશે.

25.8 મંડળ દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા માટે આપવામાં આવેલ મંજૂરી સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે ઉમેદવાર દ્વારા રજૂ કરેલ અસલ પ્રમાણપત્રોની પરીક્ષા કેન્દ્ર સંચાલક અથવા મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવનાર ખરાઈને આધીન રહેશે.

## 26. જગ્યા/સેવાની પસંદગીનો ક્રમ:

26.1 જાહેરાતમાં એકથી વધુ સંવર્ગો માટેની જગ્યા દર્શાવેલ હોય મુખ્ય લેખિત પરીક્ષાના ફોર્મમાં ઉમેદવારે ફક્ત જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગો માટે પોતાની પસંદગી અનુસાર પસંદગી ક્રમ દર્શાવવાનો રહેશે.

26.2 ઉમેદવાર જે સંવર્ગ માટે પોતાનો પસંદગી ક્રમ એકવાર દર્શાવી દે, તે ક્રમ કાયમી ગણવામાં આવશે તથા તેમાં કોઈપણ પ્રકારના ફેરફાર, સુધારા–વધારા અથવા ક્રમાંક બદલવાની વિનંતી કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

26.3 ઉમેદવારોએ જણાવેલી સંવર્ગ માટેના પસંદગી ક્રમથી તે જગાઓ ઉપર નિમણૂકનો કોઈ હક્ક મળતો નથી.

26.4 ગુણવત્તાક્રમ અને પ્રાપ્ય જગ્યાઓની સંખ્યાને ધ્યાનમાં લઈને, ઉમેદવારે આપેલ પસંદગી ક્રમ વિચારણામાં લેવામાં આવશે.

26.5 જે ઉમેદવારે એક પણ જગ્યા માટે પસંદગી ક્રમ દર્શાવ્યો ન હોય તો તેઓને એકપણ સંવર્ગની ફાળવણી કરવામાં આવશે નહીં તથા જો ઉમેદવારે ફક્ત એક જ સંવર્ગ માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય અને તેઓ પસંદગીના ક્રમ મુજબનો સંવર્ગ મળવાપત્ર થતો હોય તો સંવર્ગમાં ફાળવણી કરવામાં આવશે, તે સિવાયના સંવર્ગમાં ખાલી જગ્યા હશે તો પણ તેઓને તે સંવર્ગ માટે વિચારણા નહીં કરતા તેવા ઉમેદવારથી ઓછા ગુણ ધરાવતા અન્ય ઉમેદવારને વિચારણામાં લેવામાં આવશે.

26.6 ઉમેદવારની નિમણૂક જે તે જગ્યાના અમલમાં હોય તેવા ભરતી નિયમો અને પરીક્ષા નિયમો તથા અન્ય લાગુ પડતા નિયમોને આધીન રહેશે.

26.7 આ સંવર્ગના પરીક્ષા નિયમોમાં થયેલ જોગવાઈ અનુસાર આ જાહેરાત અન્વયે કોઈ પ્રતિક્ષાયાદી રહેશે નહીં.

## 27. પરિણામની પ્રસિદ્ધિ:–

27.1 માહિતી અને પ્રસારણ વિભાગના તા.૨૭/૦૨/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક: GT-2020-5-INF-102019-932-B થી તથા તા.૦૪/૧૨/૨૦૨૪ ના સુધારા જાહેરનામા ક્રમાંક: GT-2024-13-

MPT-10-2024-0285-B થી પ્રસિદ્ધ કરવામાં આવેલ Senior Sub-Editor, Class-III and Information Assistant, Class-III, Combined Competitive Examination Rules, 2020 માં દર્શાવેલ નિયમો અનુસાર પસંદગીયાદી પ્રસિદ્ધ કર્યા પહેલાં કોઈપણ સંજોગોમાં તમામ ઉમેદવારોના ગુણની પ્રસિદ્ધિ કરવામાં આવશે નહીં.

## 28. પસંદગી યાદી તૈયાર કરવાની પધ્ધતિ:–

28.1 ઉમેદવારોએ મેળવેલા એકંદર આખરી ગુણના આધારે ગુણવત્તા ક્રમને ધ્યાને લઈને કૅટેગરી મુજબની જગ્યાઓ ધ્યાને લઈ પસંદગી યાદી અને પરીક્ષામાં હાજર રહેલ પરંતુ પસંદગી યાદીમાં સમાવિષ્ટ નહીં થયેલ તમામ ઉમેદવારોએ મેળવેલ ગુણની બેઠક ક્રમાનુસારની યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

28.2 આ સંવર્ગના પરીક્ષા નિયમો અનુસાર પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેતી નથી.

## 29. મુખ્ય પરીક્ષાના ગુણની પુન: ચકાસણી બાબત:–

29.1 જે ઉમેદવાર મુખ્ય પરીક્ષા(લેખીત) ના પોતાના ગુણની પુનઃચકાસણી કરાવવા ઈચ્છતો હોય તે ઉમેદવાર મંડળ દ્વારા તે અંગે પ્રસિદ્ધ કરવામાં આવેલ સૂચનામાં દર્શાવ્યા અનુસાર મુખ્ય પરીક્ષાના આખરી પરિણામ જાહેર કર્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ઓજસ વેબસાઈટ "https://ojas.gujarat.gov.in" ઉપર દરેક પશ્નપત્ર દીઠ ગુણની પુનઃચકાસણી માટેની ફી રૂ.૫૦ મુજબ કુલ રકમ ભરી ઓનલાઈન અરજી કરી શકશે.

29.2 ગુણની પુન: ચકાસણી બાબતે પ્રત્યુત્તર ઈ–મેઈલથી મળશે. સંબંધિત ઉમેદવારે ગુણની પુન:ચકાસણી માટે અરજી કરવા કે જવાબ મેળવવા મંડળ ખાતે રૂબરૂમાં આવવાનું રહેશે નહીં.

29.3 મુખ્ય લેખિત પરીક્ષાના ગુણની Re-assessment કરવાની કોઈ જોગવાઈ ન હોઈ માત્ર Re-cheking કરવાની અરજી મંગાવવામાં આવે છે. આથી મુખ્ય લેખિત પરીક્ષાના પોતાના ગુણની પુન:ચકાસણી (Re-cheking) કરાવવા ઈચ્છતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે.

29.4 જે ઉમેદવાર, મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતો હોય તે ઉમેદવાર, મંડળને, આ અંગેની સૂચના પ્રસિદ્ધ કરવામાં આવ્યેથી તેમાં દર્શાવ્યા અનુસાર આખરી પરિણામ જાહેર કર્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ઓજસ વેબસાઈટ "https://ojas.gujarat.gov.in" ઉપર ગુણપત્રક માટેની ફી રૂ.૫૦ ભરી અરજી કરી શકશે.

29.5 જે ઉમેદવાર મુખ્ય પરીક્ષાની ઉત્તરવહી મેળવવા માંગતા હોય તેમણે મંડળને મુખ્ય પરીક્ષાના આખરી પરિણામ જાહેર કર્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર દરેક પશ્નપત્ર દીઠ રૂ.૧૦૦ ફી અને પોસ્ટલ ચાર્જીસના રૂ.૫૦ મળીને કુલ રકમ ભરી અરજી કરી શકશે.

29.6 કોઈ પણ સંજોગોમાં અંતિમ પરિણામની સત્તાવાર ઘોષણા પહેલાં મુખ્ય પરીક્ષાના કોઈપણ ભાગના ગુણ જાહેર કરવામાં આવશે નહીં.

## 30. નિમણૂક

30.1 આ જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને મંડળ દ્વારા ભલામણ કરવામાં આવશે.

30.2 ઉમેદવારોને નિમણૂક માટે Merit Number ને ધ્યાનમાં રાખી વિચારણા કરવામાં આવશે. મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂક માટેનો હક્ક મળી જતો

નથી. નિમણૂક સમયે નિમણૂક સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.

30.3 પસંદગી પામેલા ઉમેદવાર, નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂક મેળવવાને પાત્ર થશે.

30.4 નિમણૂક પામેલા ઉમેદવારે સરકારના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

30.5 નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોઇ, આ અંગેનો કોઈ પત્રવ્યવહાર મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહીં.

## 31. અગત્યની સૂચનાઓ:–

31.1 ઉમેદવારે **Online** અરજીપત્રકમાં વિગતો ભરતાં સમયે જાતિ (કૅટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક **Confirm** થયેથી જાતિ (કૅટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની કોઇ પણ વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી જો ઉમેદવારને અરજીપત્રકની કોઇ વિગતમાં ફેરફાર કરવો હોય તો તેઓએ અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાં સાચી વિગત સાથે પુન: અરજી કરી **Confirmation Number** મેળવી તે **Confirmation Number** માટે નિયત ફી ભરવાની રહેશે.

31.2 ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે - તે તબક્કે ‘‘રદ’’ ગણવામાં આવશે.

31.3 ઉમેદવાર દ્વારા વિદેશની યુનિવર્સિટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવી ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જરૂરી આધાર/પૂરાવા રજુ કરવાના રહેશે. પ્રમાણપત્રોની ચકાસણીના કાર્યક્રમની સમયમર્યાદામાં આ અંગેના આધાર/પૂરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે મંડળની કોઈ ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

31.4 ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો **upload** કરે છે**,** તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત–સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાં જ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/નિમણૂકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઈ મુશ્કેલી ન અનુભવાય.

31.5 ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર અને ઇ–મેલ આઇ.ડી. દર્શાવે છે તે નંબર અને ઇ–મેલ આઇ.ડી. ચાલુ જ રાખવાં. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલા નંબરના મોબાઇલ પર **SMS** થી મોકલવામાં આવશે. તેથી અરજીપત્રકમાં દર્શાવેલા મોબાઇલ નંબર, ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો, એ ઉમેદવારના હિતમાં છે.

31.6 મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨)

બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્ત્વની માહિતી છુપાવતાં હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલાં તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (ખ)(૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈ પણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

31.7 ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલી જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા 'રદ' કરી શકાશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલી હશે તો પસંદગી/નિમણૂક, મંડળ/નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબક્કે 'રદ' કરવામાં આવશે.

31.8 ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ ઉમેદવાર યોગ્ય જણાતો નથી, તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

31.9 ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલા ભરતી નિયમોને આધીન રહેશે.

31.10 ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023** અધિનિયમ, માર્ચ–૨૦૨૩ થી અમલી કર્યો છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં '**Examination Authority**' તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કર્યો છે. આથી, મંડળ દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત

પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી, સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગુ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લિખિત પરીક્ષામાં જો કોઈ પણ ઉમેદવાર **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023**ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**32.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલું રહેશે નહીં.

**તારીખ:– ૧૯/૦૭/૨૦૨૫** **સચિવ**

**સ્થળ:– ગાંધીનગર** **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**